# પુસ્તકાલયનો કાવ્યમેળો

જે કાવ્ય વાંચવું હોય તેના પર કલીક કરો

## કવિ અને કવિતા


### અશોક પટેલ
હરિભાઈઓ

### ચીમન પટેલઃ 'ચમન'
ડહાપણ શું છે?
દુઃખ
મળવાનું થયું
છે માતમાં
થોડા તાન્કા
કૂતરાઓ
એક કાગળ

### જયંતીભાઈ પટેલ
નાટક કરી લઈએ
દેવાદાર
આયખું ટૂંકું ને અભરખા ઝાઝા
એકરાર
શોધી રહ્યો છું હું મને...
ચાંદો ને સૂરજ
નવા કવિ, નવી કવિતા
પાછું વાળી કાં જોય?

### ધીરૂભાઈ શાહ
કોણ કોના આધારે
ક્યાંથી આવી?
ન જાણ્યું કોઈએ
સાગરેથી ચઢ્યું

### પરીતા પટેલ
નજર કરું તો

### પ્રવીણચંદ્ર શાહ
આંખ અને પ્યાર
તારીખ
પતંગ
પ્રાપ્તિ
શિરછત્ર
સતત
સાચો પ્રેમ
હું તું એક જ

### પ્રવીણા અવિનાશ કડકીયા
છીણી કહે હથોડે સે
પાયાના પથ્થર

### મનુજ હ્યુસ્તોનવી
કોઈ કોઈનું રહ્યું નથી...
દલીલ

### વિજયકુમાર શાહ
કોક બિચારો
મકાઈનો દાણો

### વિશ્વદીપ બારડ
શાયરી
હસતો રહ્યો

### સુરેશ બક્ષી
ક્યાં સુધી?


## પુસ્તકાલયનું વિવિધ સાહિત્ય

જે વિભાગ વાંચવો હોય તેના પર કલીક કરો


નવલકથા

નવલિકા

કવિતા

રમૂજ



# કવિતા

## ગુજરાતી કવિતાને વેબ પર મૂકવાનો એક નમ્ર પ્રયાસ

ગુજરાતી સાહિત્યને વેબ પર મૂકવામાં ઘણી મુશ્કેલીઓ છે. પ્રથમ તો એ કે ગુજરાતીમાં ઘણા ફોન્ટ છે પણ સાથેસાથે ઘણાં બધાં કીબોર્ડ પણ છે. આ દરેક કીબર્ડ ના કમાન્ડ પણ જુદા જુદા હોવાથી એક ફોન્ટમાં ટાઈપ કરેલું વસ્તુ બીજા ફોન્ટમાં ફેવી શકાતું નથી.

વળી ફોન્ટ પણ એવા છે કે જ્યારે એમાં ટાઈપ કરેલું લખાણ htmlમાં ફેરવીને વેબ સાઈટ પર મૂકવાં આવે છે ત્યારે શબ્દોમાં માત્રી અને હ્રસ્વ ઉ( ુ ) કે દીર્ઘ ઊ( ૂ ) કે અનુસ્વાર પછી બીન જરૂરી જગ્યા છૂટી જાય છે.

છતાં જે નથી તેને ભૂલી જઈને જે છે તેને સ્વીકારીને ગુજરાતી સાહિત્ય વેબ પર મૂકવામાં ઢીલ કરવી ઉચિત નથી. આ બધાં પાસાંનો વિચાર કરતાં કવિતાને pdf માં ફેરવી વેબ પર મૂકી જોવા પ્રયત્ન કરી જોઉં છું. આમાં ગુજરાતી લિપિનો જે મરોડ છે એ સૌને ગમશે એમ માનું છું.આશા છે કે સૌ વાંચકો એને વધાવી લેશે અને એમાં સુધારા સૂચવી આ શૂભ કાર્યમાં મદદરૂપ થશે.

આ સાથે મારાં કેટલાંક લઘુ કાવ્યો, મુક્તકો રજુ કરું છું. આપને પણ આપનાં કાવ્યો અહીં પ્રસિધ્ધ કરવા મોકલી આપવા વિનંતિ કરું તો અસ્થાને નહીં ગણાય.



J. D. PATEL

જયંતીભાઈ પટેલ

કવિતા મારો વિષય નથી પણ ક્યારેક
અનાયસે એમાંય  પ્રવેશવા પ્રયત્ન કરું છું.
આમ કરતાં જે થોડું લખાયું એમાંનાં કેટલાંક
લઘુકાવ્યો- મૂકતકો અહીં રજુ કર્યાં છે. આશા
છે કે આપને ગમશે.

## નાટક કરી લઈએ

ચાલો ફરી એકવાર આપણે
ભગવાનને ભજવાનું નાટક કરી લઈએ;
સ્વપ્નેય પામ્યા નથી એ
સમૃધ્ધિ પામવા સારું ત્રાટક કરી લઈએ.
અમને ખબર છે કે ભગવાનનેય
ભીડ પડી છે સાચા ભકતોની;
જેને એ શોધી રહ્યો છે વરસોથી.
આવો આપણે એની ઝોળી ભરી દઈએ.
ચાલો ફરી એકવાર આપણે
ભગવાનને ભજવાનું નાટક કરી લઈએ.

## દેવાદાર

ના હું માલદાર નથી, દેવાદાર છું ;
તને ખબર તો છે, સ્મિત તારું ;
વર્ષોથી માગી ગયો છું પણ
એ પરત કરી શક્યો ક્યાં છું?

◆ ◆ ◆

## એકરાર

પ્રેમનો એકરાર ક્યારેય
નહોતો કર્યો એ જ ખ્યાલથી,
કે તું હા કહે કે ના કહે,
લોકો તને બદનામ કરી દેશે.

◆ ◆ ◆

## શોધી રહ્યો છું હું મને...

શોધી રહ્યો છું હું મને
જે મળતો નથી ક્યાંયે મને ;
એ 'હું' છટકી ગયો છે
કે શોધનાર ભટકી ગયો છે?

◆ ◆ ◆

## નવા કવિ, નવી કવિતા

વની વનીના છંદ કરવા
શોભે નહીં સાહિત્યકારને
એમ સમજી શાણપણે
અછાંદસ કવતા કવિ આજના.

◆ ◆ ◆

દુશ્મનોનાં કટુ વચનો
હવે અમને શું દુભવવાનાં ?
અમૃત મૂકી એક પા'
અમે વખની આદત પાડી છે.

◆ ◆ ◆

સ્નેહી કયમ અળગાં થયાં
મને સમજાયું આજે,
મન મારું મરચયાંનો ઢગલો,
જે સ્પર્શે એ દાઝે.

◆ ◆ ◆

## આયખું ટૂંકું ને અભરખા ઝાઝા

નિંદર ટૂંકી ને સપનાં મોટાં એનો કેમે આવે ના પાર;
સપનામાં સપનું ને એમાંય સપનું, એની મોટી લંગાર.

કોણીએ ગૂમડાં ને હાથપગ દોરડી ને પેટ ગાગરડી;
દવા, મલમ, કડવાં કળિયાતાં, આંખે બળે આંજરડી,
ઓળી ને બળિયા તોય લાગે નજર,રે બચાવો કીરતાર;
એવું સપનું એના બાળપણાંનું, કયાંથી આવે ભલીવાર.

બીજા સપનામાં ગયા નિશાળે, ભણવા દેશી હિસાબ,
બગડો શીખે ને એકડો ભૂલે એમનો ના કોઈ  જવાબ;
થોડું ભણ્યા ને રહી ગયું ઘણું, એની કોને સાડીબાર;
ભણવાનો કો' આરો નહીં, ને સપનાનો આવે ન પાર.

અડધું ભણ્યા, આખું પરણ્યા, કમાવાની ઘાણીએ જોડ્યા;
છૈયાં ને છોકરાં ને વાડી વજીફાંનાં સપનાંને પામવા દોડ્યા.
સપનાનાં મૃગજળ હાથ આવ્યાં નહીં કડવો લાગે રે સંસાર,
છૈયાં ને છોકરાં ને આબરૂની ચિંતા સપનાંનો આવે ના પાર.

ઘડપણ આવ્યું ને મંદવાડ વળગ્યો રોગ રે લાગ્યા અપાર
શું કર્યું, શું બાકી રહી ગયું એના માંડે સરવાળા, ગુણાકાર
આયખું ટૂંકું ને અભરખા ઝાઝા એવો એમનો આ સંસાર
નિંદર ટૂંકી ને સપનાં મોટાં એનો કેમ કરી આવે ના પાર.
⬍ ⬍ ⬍

દાકતર, જોષી ને વૈદ કહે, સો વર્ષ જીવશો તમે,
ને મનેય મારું મજબૂત પણ દેહ કાં ના સાથ દે?
⬍ ⬍ ⬍

જીવનના તાણાવાણામાં અથડાયેલા, મૂંઝાયેલા,
બેસવા ગયા વિસામે તો વડલોય સુકાઈ ગયો.
⬍ ⬍ ⬍

પરિચિતોમાંથી દુશ્મનોની કરી જો બાદબાકી તો
મનમાં થયું 'જયંતી' જીવવા કરતાં મરવું ભલું.
⬍ ⬍ ⬍

## ચાંદો ને સૂરજ

મંછાકાકીને એક જ દીકરો બાઘો ને પાછો મૂરખ,
સૌ એમ કહે પણ માને મન એ ચાંદો ને સૂરજ.
સૌને કાજે દોડતો આવે, બધાને પડે એની ગરજ,
પણ કદી વિવાહની વરસી કરે એવો ચાંદોસૂરજ.

કો' ઠપકો દે કો' મારે ધકકો તોય ન રહેતો દૂર,
ઉરમાં કદી કલેશ ન ધરતો મંછાકાકીનો આ સૂર.
ફેરો સૌનો ખાય ઉમંગે અડધે વચને  એ દોડે,
ઘરનાં છોકરાં રહે સંતાતાં અને બાઘો માથું ફોડે.

પંચાયતની ચૂંટણી ટાણે કોઈકે તુકકો લડાવ્યો,
ચૂંટણીમાં ઊભો રહેવા સૌએ બાઘાને ચઢાવ્યો.
પંચાયતમાં ભોટ જ ચૂંટાય છે તો બાઘો શું ખોટો?
એમ માનીને બધાએ બાઘાને ટેકો આપ્યો મોટો.

કોઈને લાગી ના નવાઈ ને બાઘો ગયો ચૂંટાઈ,
ખરી મઝા એ થઈ કે બેય પાર્ટી  સરખી થઈ.
પંદરમો મત બાઘાનો એ મતથી સરપંચ થાય,
કો'એ બાઘાને ચઢાવ્યો તારાથી સરપંચ થવાય.

ગરજવાને મહિના માટે બાઘાને સરપંચ બનાવ્યો,
મળ્યો ચાન્સ છોડીશ ના કો'એ બાઘાને ચડાવ્યો.
કામ એવાં એણે કર્યાં, લોકો કરતાં થાકે ન વખાણ
મંછાકાકીનો સૂરજ થઈ ગયો જાણે હીરાની ખાણ.
⬘ ⬘ ⬘

રોજ સવારે નાહી ધોઈ દીવો કરી
હું ભગવાનને રિઝાવું ને નીત નવું યાચું,
ને યાચેલું મળતું નથીની ફરિયાદ સુણાવું.
એય કદાચ બહેરો થઈ ગયો હશે
રોજની મારી ફરિયાદ (બકબક) સૂણી.
⬘ ⬘ ⬘

રહે માછલીઓ સંપથી એકવેરિયમની માંય,
મધ દરિયે બાઝી મરે, મને કેમે ન સમજાય.
⬘ ⬘ ⬘

## પાછું વાળી કાં જોય ?

નથી રહ્યું કાંઈ બાકી, ને તારું રહ્યું ન કોઈ,
સીધો મારગ સ્વર્ગનો, પાછું વાળી કાં જોય?
રડનારાં ના બહુ જીવડા, હસનારાં સૌ કોય,
સાર જ મનખાવતારનો, પાછું વાળી કાં જોય?

સગાં સૌ ઉત્સાહી તારાં, કરશે બેસણાં સોઈ,
મંડપ, ઝાઝમ, ગાદલાં, શરબત, કોફી, ચાય.
કહેશે, ખાઈપી મર્યા છે, તરસ્યા જશો ના કોઈ,
જાણે સાજન આવ્યું માંડવે, પાછું વાળી કાં જોય?

દશમું, અગિયારમું, બારમું ને માસિયાની સોઈ,
સુખડની માળા પહેરાવશે, તારા ફોટાને મઢાઈ.
દોસ્ત અને દુશ્મન તારાં કરશે વખાણ સમો જોઈ,
હરખા છ શું એમાં નાસમજ, પાછું વાળી કાં જોય?

સૌ લૌકિક વહેવાર જીવડા, સાથ ન આવે કોઈ,
આ તો બધા ચિતર્યા ચીલા, પાછું વાળી કાં જોય?

◆ ◆ ◆

સાજન આવ્યાં શમણે એમને શાં શાં આદર દઉં?
નિંદર ઘેરી આંખોની અંદર એમને  સમાવી લઉં
પછી મલકતાં જોઈ એમને હું આંખો બીડી દઉં.
સાજન આવ્યાં શમણે એમને શાં શાં આદર દઉં!

— જયંતીભાઈ પટેલ

◆ ◆ ◆

## ભગવાન?

ઈલેક્શન જ હવે તો ભગવાનનાંય મૂલ માપે છે,
વિધર્મીઓના મતથી સૌ  રાજકારણમાં તાપે છે,
ભાજપ ભગવાનને નામે મત માગતાં ગભરાય છે,
કોણે દીઠો ભગવાન? ચૂંટણી સન્મુખ દેખાય છે.

— જયંતીભાઈ પટેલ

◆ ◆ ◆

# શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદની કેટલીક રચનાઓ

આ માસના કવિ :



શાહ પ્રવીણચન્દ્ર કસ્તુરચંદ જીવનનાં અનેક પાસાંમાંથી અનુભવનું ભાથું એકત્ર કરી હવે નિવૃતિએ પહોંચેલા શ્રી પ્રવીણચંદ્ર કસ્તુરચંદ શાહ હિંદી, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યમાં કવિતા સર્જનમાં પોતાની પ્રતિભાની ઝાંખી કરાવી રહ્યા છે.

એ કડી અને અમદાવાદમાં હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કરી મુંબઈમાં કોમર્સ કૉલેજમાંથી સ્નાતક થયેલા છે.

પછી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે, ‘સુકાની’ અઠવાડિકમાં, ફિલ્મ લઈનમાં, સ્પિનિંગ- વિવિંગ કંપનીમાં અને પછી પોતાના સ્વતંત્ર વ્યવસાયમાં કામગીરી કરી તેમણે અનુભવનું ભાથું એકત્ર કર્યું છે. આ દરમિયાન તેમણે રચેલી કેટલીક કવિતાઓ અત્રે રજુ કરી છે. આશા છે કે સૌ વાંચકોને એ ગમશે. આપના અભિપ્રાય મોકલી આપવા વિનંતિ.

pravinchandra@lycos.com

## આંખ અને પ્યાર

તારી  આંખનો અણસાર મારા પ્યાર જેવો છે ;  
મારી  આંખનો અણસાર તારા પ્યાર જેવો છે.  
કરી મેં બાદબાકી પ્યાર ને અણસાર કેરી તો ;  
વધ્યો જે પ્યાર તે તારી આંખના અણસાર જેવો છે.

## તારીખ

પહેલી અને છેલ્લીમાં આ એક જ તફાવત છે ;  
પહેલીમાં  લગાવટ  છે, છેલ્લીમાં  બગાવત  છે.

## પતંગ

ઊંચે આભે તું વિસ્તરતો’તો,  
પાંખ પ્રસારી તું ચોગમ ફરતો’તો ;  
પણ જ્યાં દોર કપાયો કે  
તું અડવડિયાં ખાતો’તો ;

ધરતીનાં છોરુંની વચ્ચે,  
ચરર ચરર ચિરાતો’તો.  
જીવન તારું જોઈ  
મનમાં કંઈ કંઈ થાતું’તું ;

દોર તૂટ્યો જ્યાં સાથ તણો કે  
સહુનું આવું થાતુ’તું.

## શિરછત્ર

મેં ચાહી  દુનિયાની  મૈત્રી ;  
મેં  દીધી દુનિયાને મૈત્રી ;  
દુઃખનાં વાદળ રેલ્યાં જ્યારે,  
ધરી ના કો’એ શિરે છત્રી

## સાચો પ્રેમ

ના કૈં ખોટો ખેલ કર્યો છે ;
ના મનમાં કૈં મેલ ભર્યો છે ;
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

ભલે અવરની સાથ વિરાજો ;
ભલે સિંહાસન અન્ય બિરાજો ;
કંચન શિખર માલ મહેલે
જોઈ તમોને અંતર શીતલ ;
નથી કૈં જેમ તેમ કર્યો છે ;
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

મેં પણ ક્યાં ના બીજા સાથે
જીવનનો સથવારો શોધ્યો ?
સંગિનિની સાથે સાથે
જીવનનો સધિયારો અરપ્યો ?
સંગિનિની દેહલતામાં તારો
પડછાયો ભરપૂર ભર્યો છે ;
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

તમે રહી પડ્યાં
હેમખેમ તમારા ઘરમાં ;
અમે પણ રહી પડ્યા
તેમ અમારા ઘરમાં ;
કેવો જીવનનો ફેરો ફર્યો છે ?
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

## સતત

હજારો પ્રેમની ક્રીડા અહીં
મેં ખેલાતી દીઠી છે ;
હજારો  દર્દની પીડા અહીં
મેં રેલાતી દીઠી છે.

## હું તું એક જ

હું વૃંદાવન, હું છું કાશી ;
હું પાણીપત ને હું ઝાંસી ;
હું જ બુધ્ધ ને હું જ ગાંધી ;
હું જ શાંત હવાની આંધી.

હું જ કાગની કાકા ને કોયલની કૂકૂ,
ઋતુઓમાં વસંત કે પતઝડ તે હું ;
આ પૂજનમાં હું ને ભકિત પણ હું ;
સુદામો કે સુદર્શન શકિત પણ હું.

હું જ સાજન ને સજની ;
હું જ દિવાકર ને હું જ રજની ;
ફૂલ પણ હું છું, આ માળા પણ હું ;
પહેરી લઉં, મારી ડોકે, જાણે હો તું.

કહે હવે તું કોણ? ને કોણ છું હું?
તું મારામાં, તારામાં રહેતો તે હું.

## પ્રાપ્તિ

એને શું ગાદી-તકિયો?
કે ના એને વનવગડો.
એ રહે ફરતો તુજમાં ;
નવ કોઈ એને ઝઘડો.

હવે ચણાશે જે નવાં મકાનો,
ત્યાં સીડી-લીફ્ટ મુકાશે નહીં ;
ફુટશે બોમ્બ, પહોંચી જવાશે
સીડીનીની જરૂર પડશે નહીં

# પાયાના પથ્થર

મંદિર મસ્જિદના પાયામાં પડ્યા પથરા ડોલ્યા
મંદિરની ધજા ને કળશ ઉનાં આંસુથી રોયાં
મસ્જિદના મિનારા મારો - કાપોમાં ભરમાયા
નિર્દોષોની હાય સૂણીને ખંડેરમાં ફેરવાયા
ધર્મને નામે તાંડવ સર્જી લોહીની હોળી ખેલ્યા
નામની નનામી કાઢી લાખો જીવો ખોયા
વેરઝેરમાં ગળા ડૂબ થઈ ઈશ્વર અલ્લાહ ભૂલ્યા
અયોધ્યા નગરીમાં સહુ લોહીથી રંગાયા
રામની મર્યાદા પ્રેમ અને ત્યાગનાં આંધણ ઓર્યાં
રહીમના કુરાને શરીફને અગ્નિમાં જઈ હોમ્યાં
વેરનું મારણ પ્રેમ છે ને ઝેરનું મારણ અમૃત
જન્મ પછી મરણ છે જેનું વચગાળાનું જીવન
હિંદુ મુસ્લિમ સમગ્ર જગમાં સિક્કાની બે બાજુ
દૂધ પાણીની જેમ સઘળે અલગ કરો તો માનું
જાગો ઊઠો કાઢો મારગ અંતરથી હું યાચું
વહેલા સમજો તો થાય ભલું કહે પ્રેમ આ સાચું
—પ્રવિણા અવિનાશ કડકીયા

છીણી કહે હથોડે સે, તૂ બડા યા મૈં
દિખને મેં હૈ તૂ બડા, કારીગરી મેં મૈં

છોટી હું મૈં કિતની પથ્થરો મેં પ્રાણ ભરદું
તેરે ભરખમ ઘાવ કો અપને સીને પે ધરદું

છીણી બિન શ્રુંગાર નહીં, હથોડે બિન નહીં ઘાટ
છીણી હથોડા પ્યાર સે પથ્થરો મેં ભરદે ગાન

છીણી છોટી દીખ રહીં હથોડા મોટા ભારી
માનવી અપની સુઝ સે ભગવાન કો દે ચુનૌતી

પથ્થર ચૂપચૂપ સુન રહા છીણી હથોડા સંવાદ
નિખરે ભાગ્ય કે તૌર પે મંદ મંદ મુસ્કાન

—પ્રવિણા અવિનાશ કડકીયા

## સાગરેથી ચઢ્યું

સાગર ભરે કર સૂરજને,
સૂરજ ભરે કર ધરતીને,
ધરતી ભરે કર સાગરને,
જગતની ઘટમાળ
આમ ચાલ્યા કરે.
સાગરેથી ચઢ્યું ને આકાશે ભર્યું,
આકાશેથી વરસ્યું ને ધરતી પર પડ્યું,
ધરતી પર પડ્યું ને સાગરે વહ્યું,
સાગરેથી ચઢ્યું ને સાગરે વહ્યું.

— ધીરુભાઈ શાહ

## ન જાણ્યું કોઈએ

કાલે જ્યાં મોટાં મોટાં
ટાવર જેવાં બે મકાનો,
વિશ્વના મહાન દેશમાં
વિશ્વની મહાન અજાયબી જેવાં,
આકાશને અડતાં જોયાં હતાં,
ત્યાં આજે સવારે તેમને
બળતાં જોયા! પડતાં જોયાં!
ન જાણ્યું કોઈએ
કાલે સવારે શું થવાનું છે?
ન જાણ્યું કોઈએ કાલે
દિવસ કેવો ઊગશે કાલે?

— ધીરુભાઈ શાહ

## 'ક્યાંથી આવી?'

દરિયામાં મીઠી નદીઓ ઠલવાય છે
છતાં ખારાશ ક્યાંથી આવી?
આંખમાં અમી ઊભરાય છે
છતાં ખારાશ ક્યાંથી આવી?
જગતકર્તાએ જડ્યું જીવન જોડું
છતાં ખારાશ ક્યાંથી આવી?
દરિયા કિનારે નારિયેળી
છતાં મીઠાશ ક્યાંથી આવી?
રણમાં રેતીના થર પર થર
છતાં મીઠી વીરડી ક્યાંથી આવી?

— ધીરુભાઈ શાહ

## 'કોણ કોના આધારે'

પત્ની પતિને કહે,
'તમે મારા આધારે જીવો છો.'
પતિ પત્નીને કહે,
'તમે મારા આધારે જીવો છો.'
કોણ કોના આધારે જીવે છે,
તે તો કોણ જાણે? પરંતુ
જે કોઈ જીવી ગયા છે
અને જીવી રહ્યા છે,
તે સૌ એકમેકના આધારે.

— ધીરુભાઈ શાહ

## કોઈ કોઈનું રહ્યું નથી...

કોઈ કોઈનું થયું નથી ને કોઈ કોઈનું રહ્યું નથી
ચટ્ટાનો છે ચારે તરફ ને રસ્તા જેવું રહ્યું નથી.

સંતાકૂકડી રમતા રહે છે કાળ ને અહીં કિસ્મત
જીવન દાવ દીધા કરે, પણ મૃત્યું છૂપું રહ્યું નથી.

વર્ષ વીત્યું, વર્ષાઓ વીતી, ચ્હેરે વળ વર્તાયાં, તો-
વાવડ આવ્યા છે વતનથી વ્હાલું કોઈ રહ્યું નથી.

કરવી છે જ્યાં ફસલ તારે, પ્રેમનાં પાણી સીંચી,
ક્યાંથી આવે નીર હવાડે, કૂવામાં જ રહ્યું નથી.

આવ્યો છું હું જે ઠેકાણે, સાચું ઠેકાણું નહોતું, ને-
જાવું છે એ ઠેકાણાનું, ઠેકાણુંય રહ્યું નથી.

પાપા પગલી કરતા પડતાં તેડી લેતા સહુ મને,
હાથ પકડવા 'મનુજ'નો, પણ આજે કોઈ રહ્યું નથી.

—'મનુજ' હ્યુસ્તોનવી

## દુ:ખ

ઝૂંપડાંની
ગરીબાઈનું
એનું દુ:ખ
આજે,
ધરતીકંપથી
પડીગયેલી
આલિશાન ઈમારતોની
ઈંટો તળે
સદાને માટે દબાઈ ગયું.

—ચીમન પટેલ 'ચમન'

## ડહાપણ શું છે?

પ્રેમ કર્યા વિનાની યુવાની શું છે?
દુ:ખ પડ્યા વિનાની જિંદગી શું છે?

પાન સુરાનું કરવું ગમે બધાને,
ગમ ભૂલાવે નહીં એ નશાનું શું છે?

અંજનથી આંખને મૂકી છે શણગારી,
નિશાન વિનાની નજરનું શું છે?

વિંટાળ્યું વદન વસ્ત્રોથી એવું એણે,
નજર ઝાલી ન રખાય તો શું છે?

ભોમિયા સાથે ભમવા છે મારે ડુંગરા,
મંજિલ વિનાના મારગનું શું છે?

આદર્શવાદમાં અટવાઈ ગયો 'ચમન'
રાંડ્યા પછી ડહાપણનું શું છે?

— ચીમન પટેલ 'ચમન'

## હસતો રહ્યો

વર્ષો લગી કારણ વિના અંધાર પર હસતો રહ્યો,
મ્હેંકતી આંખે સજેલી ધાર પર હસતો રહ્યો.
વિશ્વનાં આ રૂપચક્રો કેટલું હાંફ્યા કરે,
કોને કહું? આધારહીન આધાર પર હસતો રહ્યો.
માર્ગમાં અમથા મળેલા ગમ હજીએ યાદ છે,
ખાલી મળેલા સ્મિત મહીંના ખાર પર હસતો રહ્યો!
પાંખ છું પણ ભીંતના કો ભારથી સ્વરતો રહ્યો,
જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો.

— વિશ્વદીપ બારડ

## મળવાનું થયું

કમ્પ્યુટર પર એને ને મને મળવાનું થયું,
બાગ-બગીચા વગર અમારે મળવાનું થયું.

ઠંડી ગરમી કે વરસાદની કોઈ ચિંતા નથી,
ઘરમાં બેસીને જ ગમે ત્યારે મળવાનું થયું.

એને મળવા માટે જૂઠું બોલવું પડતું નથી,
'ઈમેલ'થી જ દિવસે ને રાતે મળવાનું થયું.

છબી એની મૂકી છે સ્ક્રીન સેવર પર હવે,
દર્શન કરી નીત એની સામે મલકવાનું થયું.

'આઈકોન' એડ્રેસનો છે હવે 'ડેસ્કટોપ' પર,
'ડબલ કલીક' કરી રોજ એને લખવાનું થયું.

થઈ જાય 'સરવર' જ્યારે જ્યારે 'ડાઉન',
'કીબોર્ડ' પર થોડાંક આંસુને પાડવાનું થયું.

વાતો એની 'સેવ' કરી કરી ખૂટી છે જ્યા,
એટલે તો 'હાર્ડડીસ્ક'ને મારે બદલવાનું થયું.

'કટ' ને 'પેસ્ટ' કરીને સમય બચાવ્યો ઘણો,
મારા કેટલાક મિત્રો સાથે એને મળવાનું થયું.

'ઈમેલ' એની હવે નથી આવતી કદી 'ચમન',
દુઃખી દીલે બધું 'ડીલીટ' મારે કરવાનું થયું !!

— ચીમન પટેલ 'ચમન'

## થોડા તાન્કા

કૂતરો બીજા
કૂતરાને જોઈને
ભસવા લાગે;
માનવ બોલે પણ,
પીઠ પાછળ !

— ચીમન પટેલ 'ચમન'

## ...છે માતમાં

શીતળતા ચાંદનીની નીતરે છે માતમાં,
ઉષ્મા સૂર્યની હૂંફમાં મળે છે માતમાં.

ઊંચાઈ પર્વતોની મપાય છે માતમાં,
પાણી પાતાળનાં પિવાય છે માતમાં.

લંબાઈ નદીઓની દેખાય છે માતમાં,
ઊંડાઈ દરિયાની મપાય છે માતમાં.

ઉડ્ડયન પંખીઓનું મપાય છે માતમાં,
વફાદારી પશુઓની જણાય છે માતમાં.

ગગડાટ વાદળોનો સંભળાય છે માતમાં,
હાલરડાનું સંગીત સમજાય છે માતમાં.

નમ્રતા નારીઓની નીતરે છે માતમાં,
મર્દાનગી મર્દની પણ મળે છે માતમાં.

સારા શિક્ષણની એક જ શાળા છે માતમાં,
બધા જ ધર્મોની એક જ માળાછે માતમાં.

ભોળપણ બાળકનું છલકાય છે માતમાં,
ચતુરાઈ ચાણક્યની 'ચમન' છો માતમાં.

— ચીમન પટેલ 'ચમન'

સૂર્ય આપે છે
જગને એવી શક્તિ
પોતે બળીને !

— ચીમન પટેલ 'ચમન'

પતંગિયાનો
પ્રેમ પુષ્પને મળ્યો
તો ફળ મળ્યાં !

— ચીમન પટેલ 'ચમન'

## કૂતરાઓ

રીટાયર્ડ થઈ
રક્ષા માટે
મેં એક કૂતરો આણ્યો.
વહેલી સવારે
એને લઈને
ચાલવા નીકળ્યો ત્યારે,
પાડોશીના કૂતરાઓએ
જોરથી ભસવાનું શરૂ કરી દીધું !
શું એ,
મારા કૂતરાનું સ્વાગત કરતા હશે !
કે પછી,
ઈર્ષામાં આવી એને ધિક્કારાતા હશે ?
જે હોય તે,
એ બધા
મારા કૂતરાની સન્મુખ આવી ભસી ગયા છે !

માનવો વચ્ચે પણ,
આવું જ જો બનતું હોય તો કેવું સારું !!

_ ચીમન પટેલ 'ચમન'
૨૪, જુલાઈ '૦૪

દુઃખનાં આંસુ
ને સુખનાં આંસુને
રંગ હોય તો?

_ ચીમન પટેલ 'ચમન'

રડે કે મ એ,
આંસુ જ ખૂટી ગયાં;
પરણી એને !

_ ચીમન પટેલ 'ચમન'

દિવો આપે છે
સૌને એનો પ્રકાશ;
રાખી અંધારું !

_ ચીમન પટેલ 'ચમન'

## એક કાગળ

પહેલી વાર,
પત્નીને
એક કાગળ
શ્રેડ કરતાં જોઈ
મેં પૂછ્યું:
'આ ઉંમરે,
એવું તે શું ખાનગી હતું? !'

પત્ની બોલી;
'વ્હેમનું ઓસડ નથી હોતું
એટલે જ કહું છું.
સત્યનારાયણ કથાનો સાર
સારા અક્ષરે લખ્યા પછી
'રફ કોપી'ને
'ગારબેજ'માં નાખવાને બદલે
'શ્રેડ કરવાનું મને ઉચિત લાગ્યું.'

મને તો,
કપાતા-ચિરાતા,
એ કાગળની કારમી ચીસો
શ્રેડરના એ અવાજમાં
સાંભળવા મળી !!

_ ચીમન પટેલ 'ચમન'
૧૦ જુલાઈ,'૦૪

હથિયાર જો લો,
તો લો અહિંસાનું;
નહીં હિંસાનું !

_ ચીમન પટેલ 'ચમન'

પ્યાર પત્નીનો
વહેંચાઈ ગયો છે;
પરિવારમાં !

_ ચીમન પટેલ 'ચમન'

## મકાઈનો દાણો

મકાઈનો દાણો
મારે, તમારે - અને તમારે સૌને
સૂંઘવો છે, ચાવવો છે, બૂંજવો છે, પચાવવો છે,
પણ શરત એટલી જ છે કે
ફક્ત એકને જ તે મળવાનો છે.
બાકીનાં સૌએ તો ફક્ત તેને
સુંઘાતો, ભુંજાતો, ચવાતો અને પચાવાતો જોવાનો છે,
અને દ્રાક્ષ ખાટી છે વાળી વાત ને
નસીબ-પૈસા-તકદીરનાં ત્રાજવે આપણે ઉણાં
કહીને ફડફડતા નિસાસા નાખવાના છે.
આ મકાઈના દાનાને તમે સ્વાર્થ કહેશો?
હું તો સત્ય, માણસાઈ અને પરોપકાર કહું છું
દીવો લઈને તે શોધું છું.
તમને મળે તો મને એ આપશો?
કારણ મારે એને ભૂંજવો, ચાવવો કે પચાવવો નથી
તેને મારે
વાવવો, જાળવવો, ઉછેરવો અને વહેંચવો છે.
પછી બધાને પહોંચે એટલા મકાઈના દાણા તેમાંથી
ઉગાડવા છે. મને આપશો ને?

— વિજય શાહ

## કોક બિચારો

તારા આગમનની રાહ જોતો
તારા પ્રેમ પરિમલને ઝંખતો
તારા મધુસ્મિતને તરસતો
કોક બિચારો કવિ બની ગયો.

— વિજય શાહ

## ક્યાં સુધી?

સફરમાં રહેશે જુઠી આશાનો
સથવાર ક્યાં સુધી?
જુઠા દિલાસા, જુઠા સાંત્વનોનો
આધાર ક્યાં સુધી?
દોસ્ત હોતા નથી બધા
હાથ મિલાવનારા
એ સત્યનો કરશો તમે
ઈન્કાર ક્યાં સુધી?
દંભી આ દુનિયા ને દંભી
એના સંબંધો
છોડી એને પહોંચો કિનારે
રહેશો મઝધાર ક્યાં સુધી?
શોધો વફાનાં મોતી
સીધા સાદા ઈન્સાનોમાં
રહેશો જુઠી ચમકદમકના
ખરીદાર ક્યાં સુધી?
મનની શાશ્વત શાંતિ છે
સંતોષની સીમાઓમાં
પડછાયાનો હાથ પકડી
રહેશો ભ્રમના અસવાર ક્યાં સુધી?
દોસ્ત હોતા નથી
બધા હાથ મિલાવનારા
એ સત્યનો કરશો તમે
ઈન્કાર ક્યાં સુધી?

—સુરેશ બક્ષી

# શાયરી

હાસ્યને હોઠ પર લાવી નથી શકતો, કોઈની ખુશી જોઈશકતો નથી
કેવો અભાગી છે આ જીવ કે કોઈને દિલાસો દઈ શકતો નથી

◆ ◆ ◆

દોસ્ત માની મેં મારા દિલની બધી વાતો તેને કહી દીધી
વાત બધે ચર્ચાઈ ગઈ ને ફોકટમાં બદનામ હું થઈ ગયો

◆ ◆ ◆

તારી યાદોને ઓટ માની ભૂલવા તો મથું છું
છતાં કેમ જાણે આંખમાં છલકાય છે ભરતી બની

◆ ◆ ◆

જિંદગી ચાલી ગઈએક ઘર પણ બાંધી ના શક્યો
જુઓ, મર્યા પછી એક કબર તો બંધાઈ ગઈ

◆ ◆ ◆

એકલો આવ્યો હતો, એકલા જીવવામાં કશો મને ડર નથી
શાનથી જીવી જઈશ, એકલા મરવામાં કશો મને ડર નથી

◆ ◆ ◆

ઘણાં બધાં મળ્યાં આ રસ્તે ને ઘણાંને હાય-બાય કહી છૂટા પડ્યા
સમયના સર્પો સરકી ગયા ને કોઈની યાદોના લીસોટા રહી ગયા.

◆ ◆ ◆

અંબોડામાંથી પડ્યું ગુલાબનું ફૂલ ને ખુશ્બુ ચોતરફ ફેલાઈ ગઈ
એક તીરછી નજર તેં કરી તો આ ચારે દિશાઓ બદલાઈ ગઈ

◆ ◆ ◆

પથ્થર સાથે અથડાય માથું ને છતાં એ ઘા રુઝાઈ જાય છે
આ કેવો તેં ઘા કર્યો કે જેનો કોઈ પાસે ઉપાય નથી.

◆ ◆ ◆

— વિશ્વદીપ બારડ

હરિભાઈઓને આજે Harry બનતા જોયા,
દેશી મિત્રોને વિદેશી ગરબે ઘૂમતા જોયા,
Coke ઢીંચીને વિલાયતી નશામાં ઝૂમતા જોયા,
ને કોઈ અનોખા ખ્વાબમાં ડૂબતા જોયા,
કોણ છીએ એની શોધમાં હંમેશ ભટકતા જોયા,
પૂર્વ પશ્ચિમ વચ્ચે લોલકની જેમ લટકતા જોયા,
એ જોઈ સંસ્કૃતિની આંખમાંથી અશ્રુ સરતાં જોયાં,
બહુ ઝડપથી સાધુ સંતોથી દૂર ખસતા જોયા,
અંતે દમ મારો દમ કરી ગમ Layoff ના ભૂકાતા જોયા,
એ જોઈ શોકને અશોકમાં ને અશોકને શોકમાં તરફડતા જોયા.

◆ ◆ ◆

એકલા ઊભા ઊભા કેટલું શરમાય છે
કોને કોને યાદ કરી આટલું હરખાય છે
આ નિતરતાં આભ નીચે કેટલું ભિંજાય છે
જોબન જુઓ તો એમનું, મદિરા જાણે છલકાય છે
જરા સ્પર્શો જો એમને તો લજામણી જાણે લજવાય.
હવે બંધ કરો રચના અશોક
ક્યાં હવે કવિ જેવું જીવાય છે.

◆ ◆ ◆

મોસમનો પહેલો વરસાદ પડ્યો...
ને સાથે નીકળ્યો તડકો...
સવારે બોલ્યો હું એક શબ્દ...
સાંજે અફવાનો નીકળ્યો ભડકો...

◆ ◆ ◆

આટલી તાજી ન હોય કદી સવારમાં
નકકી એ મારા સ્વપ્નમાં આવી ગયા હશે
મંદિર મસ્જિદમાં શું શોધતા હશે 'અશોક'
ઈશ્વર હૃદયમાંથી ભાગી ગયા હશે...

◆ ◆ ◆

ચહેરા પર મહોરાં પહેરીને
માનવી ભટકયા કરે છે કારણ વગર
આ તારું આ મારું કરી કરીને
માનવી ઝઘડ્યા કરે છે કારણ વગર.

◆ ◆ ◆

_ અશોક પટેલ

## દલીલ

કરી કોશિશ ભૂલવાની છતાં તમે યાદ આવો છો.
તમે રણનાં એ મૃગજળ છો, જે કાયમ દૂર ભાગો છો.

કરીને યાદ અમને ખુદ તમે ખુદને સતાવો છો.
તમે મૃગ છો કસ્તુરી ઢૂંઢવા સર્વત્ર ભાગો છો.

તમારી એ જ ફરિયાદોથી હું હવે તંગ આવ્યો છું.
તમે ઊડતા રહી કો'છો, 'હવામાં મહેલ બાંધો છો.'

ખબર છે એટલી ઊડતી રહું છું તો મને આટલી,
તમારી પાંખો કાપી ખુદ હવે ઊડવાને માંગો છો.

જળ થળ દળ ઉપર કોઈ નથી એવી જગ્યા બાકી,
તમે જ્યાં જાઓ છો, કોઈ નિશાની છોડી આવો છો.

વસાવી છે તમારી આંખમાં કીકીની જેમ મને,
અને, એટલે જ આપ મને બધે પ્રત્યક્ષ પામો છો.

— મનુજ હ્યુસ્તોનવી

## નજર કરું તો

નજર કરું છું માનવતા પર, બહુ દુઃખ લાગે છે.
મારી આ સંસ્કૃતિનો જાણે અંત લાગે છે.

જ્યાં મારો પડછાયો પણ મારી પ્રીત છોડી ગયો છે,
ત્યાં મને મારું પ્રતિબિંબ પણ દૂર લાગે છે.

જ્યાં પાણી મોઘું ને લોહી સસ્તું બન્યું છે,
ત્યાં મને મળેલી આઝાદી કરતાં
ગુલામી ઠીક લાગે છે.

— પરીતા પટેલ